BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઑફ બ્રેમ્પટન સમુદાયને સ્વચ્છ, સુરક્ષિત અને હરિયાળુ રાખવામાં પ્રદૂષણ રોકથામ અઠવાડિયું મદદરૂપ થવાનું જાણે છે

બ્રેમ્પટન ઓન્ટેરિયો (સપ્ટેમ્બર 18, 2023) – સપ્ટેમ્બર 18 થી 22 સુધીમાં, સીટી ઑફ બ્રેમ્પટન પ્રદૂષણ રોકથામ અઠવાડિયાને ઓળખ આપી રહ્યું છે અને રહેવાસીઓ, મુલાકાતીઓ અને મહત્વપૂર્ણ ધંધાઓને કુદરતી પર્યાવરણનું સંરક્ષણ કરવાનું મહત્વ યાદ અપાવી રહ્યું છે.

પ્રદૂષણ રોકથામ અઠવાડિયું એક વાર્ષિક ઝુંબેશ છે જેનો હેતુ પર્યાવરણમાં પ્રવેશતા પ્રદૂષકોને ઘટાડવા અને રોકવા કરી શકાતી રોજિંદી કામગીરીઓની જાગરૂકતા લાવવાનો છે.

આ વર્ષે, બ્રેમ્પટન ગંદવાડો ઘટાડવા પર ધ્યાન આપીને અને બ્રેમ્પટનની સ્ટોર્મવોટર ડ્રેનેજ સિસ્ટમ વિશે જાગરૂકતા વધારીને પ્રદૂષણ રોકથામના મહત્વ પર પ્રકાશ ફેંકશે. સ્ટોર્મવોટર વરસાદી પાણી અને પીગળેલો બરફ છે જે સ્ટ્રીટ્સમાંથી વહીને સીટીની સ્ટોર્મવોટર ડ્રેનેજ સિસ્ટમમાં અને છેવટે પર્યાવરણમાં ભળી જાય છે. સ્ટોર્મવોટર જમીન પર વહેતું હોવાને લીધે પ્રદૂષણ વધારે છે, જેમ કે કચરો, ખાતર, જંતુનાશકો, રોડ સોલ્ટ, મોટર ઓઇલ અને ઓટોમોટિવનું પ્રવાહી અને ગંદવાડો. ગંદવાડો ઘટાડવાથી અને જોખમી સામગ્રીઓનો સુરક્ષિતપણે નિકાલ કરવાથી પ્રદૂષકોને સ્ટોર્મવોટર ડ્રેનેજ સિસ્ટમમાં પ્રવેશતા રોકવામાં મદદ મળે છે.

**ટોચની પાંચ પ્રદૂષણ રોકથામ કામગીરીઓ:**

1. તમારી મિલકત સ્વચ્છ અને ગંદવાડાથી મુક્ત રાખો અથવા સ્થાનિક પાર્ક્સ ક્લીનઅપ ઈવેન્ટમાં જોડાઈ જાવ અથવા તેના યજમાન બનો.
2. તમારા પાલતું પ્રાણીનો કચરો ઉઠાવીને તેનો યોગ્ય રીતે નિકાલ કરો.
3. રસ્તા પર નાખેલું મીઠું ધ્યાનમાં રાખો. મીઠું નાખતા પહેલાં બરફને પાવડાથી ખસેડીને બરફને દૂર કરો.
4. ખાતરો અને જંતુનાશકો/વનસ્પતિનાશકોનો ઉપયોગ ઘટાડો કે દૂર કરો.
5. મોટર ઓઇલ, એન્ટિફ્રીજ અને પેઇન્ટ્સ જેવા ઘરગથ્થુ જોખમી સામગ્રીઓને નિકાલ રીજીયન ઑફ પીલના કમ્યુનિટી રિસાઈકલિંગ સેન્ટર્સમાં કરો.

**તારીખ યાદ રાખશો**

રહેવાસીઓ અને મુલાકાતીઓને બ્રેમ્પટન ફાર્મર્સ માર્કેટમાં પ્રદૂષણ રોકથામ અઠવાડિયાના ઈવેન્ટમાં રમતો, ઇનામો અને કેચબેસિન આર્ટ પ્રોજેક્ટ મારફતે સ્થાનિક કલાકારોએ દોરેલા કેચબેસિન ભીંતચિત્રોનું અનાવરણ કરવા આમંત્રિત કરવામાં આવે છે.

શનિવાર, સપ્ટેમ્બર 23, 2023 નાં રોજ સવારે 8 થી બપોરે 1 વાગ્યા સુધી ગેજ પાર્ક (Gage Park)

કેચબેસિન આર્ટ પ્રોજેક્ટ વિશે વધુ જાણવા, કૃપા કરી મુલાકાત લો, સીટી ઑફ બ્રેમ્પટન | સ્ટોર્મવોટર | સ્ટ્રીટ્સથી સ્ટ્રીમ્સ સુધી - કેચબેસિન આર્ટ પ્રોજેક્ટ.

**કડીઓ (લિંક્સ)**

સ્થાનિક પાર્ક ક્લીનઅપ ઈવેન્ટ્સ વિશે વધુ માહિતી મેળવવા, કૃપા કરી મુલાકાત લો, સીટી ઑફ બ્રેમ્પટન | પાર્ક્સ અને ખુલ્લી જગ્યાઓ | પાર્ક્સ ક્લીનઅપ.

યોગ્ય કચરો નિકાલ વિશે વધુ માહિતી મેળવવા, કૃપા કરી મુલાકાત લો, [કમ્યુનિટી રિસાઈકલિંગ સેન્ટર્સ - રીજીયન ઑફ પીલ (peelregion.ca)](peelregion.ca)

રહેવાસીઓ અને ધંધાઓ કેવી રીતે સ્ટોર્મવોટર પ્રદૂષણ રોકી શકે છે તે વિશે વધુ માહિતી મેળવવા, કૃપા કરી મુલાકાત લો, સીટી ઑફ બ્રેમ્પટન | સ્ટોર્મવોટર | ઘરે પ્રદૂષણ રોકથામ.

**અવતરણો (ક્વૉટ્સ):**

“બ્રેમ્પટન એક સમુદાય છે જે આરોગ્યપ્રદ, સ્થિતિસ્થાપક અને ટકાઉ શહેર બનાવવા આપણાં કુદરતી અને નિર્મિત પર્યાવરણોને સાચવે છે, વધારે છે અને સંતુલિત બનાવે છે. દરેક વ્યક્તિએ આપણાં પર્યાવરણની સંભાળ લેવામાં ભૂમિકા ભજવવાની છે અને પ્રદૂષણ રોકથામ એ જવાબદારી છે જે આપણે આપણાં ગ્રહ માટે નિભાવવાની છે. આ પ્રદૂષણ રોકથામ અઠવાડિયામાં બ્રેમ્પટન માટે વધારે સ્વચ્છ અને ઉજ્જવળ ભવિષ્ય બનાવવા આપણાં દ્વારા કરાતા કામને રહેવાસીઓ, ધંધાઓ અને મુલાકાતીઓ ઉજવી શકે છે.”

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઑફ બ્રેમ્પટન*

“આજે પ્રદૂષણ રોકવાથી વધારે સ્વચ્છ અને ઉજ્જવળ આવતીકાલની ખાતરી થાય છે. આપણાં ગ્રહને બચાવવા સાથે આવવાની શરૂઆત પૃથ્વી, પાણી અને હવાનું સંરક્ષણ કરવા સરળ પસંદગીઓ કરીને સ્પષ્ટ કામગીરીઓથી થાય છે. પ્રદૂષણ રોકથામ અઠવાડિયા દરમિયાન, વધારે સ્વચ્છ, આરોગ્યપ્રદ બ્રેમ્પટન બનાવવાનો ભાગ બનવા પ્રદૂષણ કેવી રીતે રોકવું તે વિશે વધુ જાણવા હું દરેક વ્યક્તિને પ્રોત્સાહિત કરું છું.”

- *માઈકલ પાલેશી (Michael Palleschi), રીજીયનલ કાઉન્સિલર, વોર્ડ્સ 2 અને 6; પ્રમુખ, આયોજન અને વિકાસ, સીટી ઑફ બ્રેમ્પટન*

“સીટી ઑફ બ્રેમ્પટન જાણે છે કે ટકાઉ આવતીકાલની શરૂઆત આજે જવાબદાર કામગીરીઓ કરવાથી થાય છે. રહેવાસીઓ, ધંધાઓ અને કર્મચારીઓને સાથે રાખીને, અમે બ્રેમ્પટનની પર્યાવરણલક્ષી સુખાકારીને જાળવવા કટિબદ્ધ છીએ. સીટીનો ગ્રો ગ્રીન પ્લાન ટકાઉ ભવિષ્ય માટેની રૂપરેખા (બ્લુપ્રિન્ટ) છે અને પ્રદૂષણ રોકથામ અઠવાડિયા દરમિયાન, અમે બ્રેમ્પટનના કુદરતી પર્યાવરણનું સંરક્ષણ કરવા આપણી કટિબદ્ધતાને તાજી કરી રહ્યાં છીએ.”

- *મારલૉન કલિડીન (Marlon Kallideen), મુખ્ય વહીવટી અધિકારી (ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર), સીટી ઑફ બ્રેમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 90,000 કરતા વધુ વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca